# નારીની સપ્તશક્તિથી સંસ્કારની ધ્વજપતાકા ફરી લહેરાવો



આપણી ભારતીય સંસ્કૃતિમાં દરેક વાર-તહેવાર-ઉત્સવ- પરંપરા-રીતિરિવાજમાં મહિલા પ્રધાન સ્થાને હોય છે. કારણ શાસ્ત્ર અને વિજ્ઞાન બંને એક વાત સાથે સંમત છે કે સ્ત્રી ઘર-પરિવાર-સમાજનું મુખ્ય કેન્દ્રબિન્દુ છે. સમય અને પરિવર્તનનું ચક્ર હંમેશાં ફરતું રહે છે તેથી જ 'યત્ર નાર્યસ્તુ પૂજ્યંતે, રમંતે તત્ર દેવતાઃ' (જ્યાં નારીઓનું પૂજન થાય છે, ત્યાં દેવતાઓ પણ ખુશ રહે છે.) માં માનનારા ભારતમાં કાળક્રમે મહિલાઓને પૂજ્ય કે દેવી બનવામાં રસ ન રહ્યો અને પશ્ચિમીકરણથી અંજાઈને પુરુષસમોવડી બનવાનું પસંદ કર્યું. એમ કરવામાં પેલી કહેવત 'બાવાના બે'ય બગડ્યા' મુજબ તે અધવચ્ચેની થઈ રહી. ખરું જોતાં નારીશક્તિ એટલે નારીમુક્તિ નથી, પરંતુ એ શક્તિ જે પોતાના પરિવારથી શરૂ કરી આખા સમાજને ઊંચો ઉઠાવે છે. જ્યાં સ્ત્રી આ ભૂલી છે ત્યાં તેનો પરિવાર અને સમાજ બંને દિશાહીન બન્યા છે. અમારી પાસે આવતા રોજ-બરોજના કેસો જોતાં એટલું તો સમજાયું કે જે ગુણો નારીની ઓળખ સમા હતા, જેમ કે, શરમ-મર્યાદા-ધૈર્ય- મમતા-કરૂણા-દયા-સહૃદયતા-સહનશીલતા-સંસ્કાર- તર્કબુદ્ધિ-ક્ષમા તે તમામ ધીરે ધીરે લુપ્ત થઈ ગયા. સ્વતંત્રતાના ભ્રમમાં સ્વછંદતા તરફ વળી ગઈ. આપણે, સમાજ તરીકે નારીનું શોષણ અટકાવવા માટે પુરુષોમાં સંસ્કાર સિંચવા અને સંતુલન જાળવવામાં અસફળ રહ્યા. જેથી સ્ત્રીઓ પણ મર્યાદા-માન ભૂલીને પુરુષસમોવડી બનવાની દોટમાં સમાજ તણાવભરી દિશામાં દોરી ગઈ. સ્ત્રી અને પુરુષ એકમેકના પૂરક છે, તેમાં સ્પર્ધા સમોવડિયા થવાની ના હોય.

**કેસ-1**

એક પ્રતિષ્ઠિત પરિવારના મોભી સમાજમાં ખૂબ ઊંચા અને સન્માનીય પદ પર હતા. રાજકારણીઓ, સેલીબ્રિટીઝ, પદાધિકારીઓ પણ તેમને નમન કરતા. તેમના ત્રણ દીકરાઓ બાળપણથી યશ-કીર્તિ-સમૃદ્ધિને જોવા ટેવાયા હતા. અચાનક તે મોભીનું મૃત્યુ થયું. તેમની સાથે યશ-કીર્તિ- સમૃદ્ધિ બધું જતું રહ્યું. માતાએ પણ બાહ્ય લાઈફસ્ટાઈલને મહત્ત્વ આપવામાં ઘરની ઈમેજને પ્રાથમિકતા નહોતી આપી. જેના પરિણામે ઘર વિખરાઈ ગયું. ત્રણેય ભાઈ જુદા થઈ ગયા. બે ભાઈના ડીવોર્સ થઈ ગયા અને ત્રીજાએ તો લગ્ન જ ન કર્યા. ત્રણ પુત્રોની માતાએ સંસ્થા થકી આશ્રમનો સહારો મેળવ્યો અને થોડા જ સમયમાં મૃત્યુ પામ્યાં.






**ભારતમાં કાળક્રમે મહિલાઓને પૂજ્ય કે દેવી બનવામાં રસ ન રહ્યો અને પશ્ચિમીકરણથી અંજાઈને પુરુષસમોવડી બનવાનું પસંદ કર્યું. એમ કરવામાં પેલી કહેવત 'બાવાના બે'ય બગડ્યા' મુજબ તે અધવચ્ચેની થઈ રહી**

**કેસ-2**

એક કંપનીમાં નોકરી કરતો સેલ્સ મેનેજર દરેક જણ પાસે કમિશન લઈને ખૂબ પૈસા કમાતો હતો. તેની પત્ની પણ પતિની ખોટા માર્ગે આવતી લક્ષ્મીથી અંજાઈને કીટી પાર્ટી, વર્લ્ડ ટુરમાં વ્યસ્ત રહેવા લાગી. ટીન એજનાં દીકરા-દીકરી પણ પોતાની રંગીન દુનિયામાં રાચતાં હતાં. ખૂબ જાહોજલાલી, દરેક વ્યક્તિ પોતાની મોજમસ્તીમાં ડૂબેલો હતો. પરિવાર વચ્ચે ન સંવાદ, ન સંસ્કાર હતા. પતિ બીજી સ્ત્રીના સંબંધમાં પડ્યો અને ઘરે આવવાનું ઓછું કરવા લાગ્યો. દીકરો દારૂ અને જુગારની લતમાં જેલ જઈ આવ્યો. દીકરી સગીર અવસ્થામાં પરિણીત પુરુષ સાથે ભાગી ગઈ. પત્નીએ સંસ્થાનો સહારો લીધો. પોતાની ભૂલો સુધારવા માટે લાગી પડી. પાંચ વર્ષની મહેનત પછી થોડાં થોડાં પરિણામ મળવા લાગ્યાં. જેથી પત્ની સંસ્થા સાથે જોડાયેલી રહી. આશરે 15 વર્ષ બાદ તેના દીકરાવહુ, પૌત્ર સાથે જીવી રહી છે. જ્યાં તેના પેરાલિસિસ થઈ ગયેલ પતિને પણ લઈને આવીને હવે ખરા અર્થમાં પરિવારમાં શાંતિ અને ખુશીથી જીવી રહી છે.

**કેસ-3**

પતિ-પત્ની, તેમનાં બે સંતાનો અને દાદીનો પરિવાર હતો. પતિ મોટી કોર્પોરેટ કંપનીમાં જનરલ મેનેજર હતો. તેમની પત્નીને સાસુ સામે ઘણા વાંધા હતા. લડીઝઘડીને સાસુને વૃધ્ધાશ્રમ મૂકી આવ્યાં. દીકરો અને દીકરી મોટાં થવા લાગ્યાં. સાસુએ વૃધ્ધાશ્રમમાં પ્રાણ છોડી દીધા. દીકરાના લગ્ન થયા અને પતિ રીટાયર્ડ થયા. દીકરાની પત્ની (પુત્રવધૂ) ને પોતાની સાસુ સાથે ફાવતું નહોતું. રોજબરોજ ઝઘડા વધવા લાગ્યા. પતિનું હાર્ટફેલ થઈ જતાં મૃત્યુ થયું. હવે દીકરાએ માતાની કોરા પેપર પર સહી કરાવી બેન્ક તથા શેરના કરોડો રૂપિયા પોતાના નામે કરી લીધા. ઘરમાં ઝઘડા વધતાં દીકરાએ માતાને ઘરમાંથી તેના સામાન સહિત રસ્તે રઝળતી કરી દીધી. માતાએ જમાઈના ઘરે રહીને પોલીસ-કોર્ટ-સંસ્થાની મદદથી પાંચ વર્ષ સુધી લડત આપી. સંસ્થા તેની પડખે તેની હિંમત બનીને માર્ગ દેખાડતી રહી. અંતે કોર્ટે પુત્રને ઘરમાંથી નીકળવાનો ઓર્ડર કર્યો. આજે માતા એકલી ઘરમાં રહે છે અને બાકીના કેસ લડી રહી છે.

## સંબંધોના તાણાવાણા

ગીતા શ્રોફ

**કેસ-4**

શાળા શિક્ષિકાને તેની શાળામાંથી કોઈ ભૂવા પાસે તાંત્રિકવિદ્યા કરાવવા લઈ ગયું. શિક્ષિકાને એમ કે તે તેના પતિને પોતાનાં સાસુથી દૂર કરે અને એકલા શાંતિથી રહે. તાંત્રિકવિધિમાં રત રહીને તે પરિવાર અને બાળકોની જવાબદારીથી દૂર થઈ ગઈ. ઘરમાં કંકાસ, વાણીથી ગંભીર ઘાવ એકમેક પર થવા લાગ્યા. સંતાનો અસંસ્કારી બન્યાં. 20 વર્ષની દીકરીએ કંટાળીને ગુસ્સામાં આત્મહત્યા કરી લીધી. દીકરો ઘર છોડીને જતો રહ્યો. સંસ્થા અને પોલીસની મદદથી દીકરાને શોધી લાવ્યા અને સમગ્ર પરિવારની થેરપીસ્ટ દ્વારા સારવાર કરાવી તેઓના ઘાવને રૂઝવવાનું શરૂ કરાવ્યું. બે વર્ષમાં પરિવારમાં સકારાત્મક વાતો વડે પતિ-પત્ની- દીકરા વચ્ચે તાલમેલ બનાવ્યો.

આમ 30 વર્ષથી આવા અનેક પરિવારો જે ખોટી લાઈફસ્ટાઈલ બનાવી યશ- કીર્તિની દોડ, ઝઘડા, કટુવાણીથી ઘરકંકાસ, પરિવારજનોને ગંભીર ઘાવ, અસંસ્કારી વાતાવરણ, સંસ્કૃતિ અને ઋષિમૂળથી અળગા થઈ, અંધશ્રધ્ધા તરફ ટેકનોલોજીના દુરુપયોગ, અશુભ લક્ષ્મી, તણાવથી આત્મહત્યા સુધીના અભિગમ, સમાધાનની જગ્યાએ બદલાની ભાવના, અસહિષ્ણુતા જેવાં કારણોથી છિન્નભિન્ન થતાં જોઈ રહ્યા છીએ.

હાલ વિશ્વસનીય સ્ત્રોત તરફથી મળેલ છૂટાછેડાના ડેટા જોતાં આંખ પહોંળી થઈ ગઈ. સુરત જિલ્લામાં ઈ.સ.2022માં 210, ઈ.સ.2023માં 348 અને 2024માં 1150 છૂટાછેડા નોંધાયા, જે ગ્રાફ ખૂબ ચિંતાજનક રીતે વધી રહ્યો છે, ત્યારે, શ્રીમદ ભગવદ ગીતાના અધ્યાય 10 શ્લોક 34માં નારીની સપ્તશક્તિમાં શ્રીકૃષ્ણ સ્વયં વસે છે તેવું જણાવી નારીશક્તિને પોતાની શક્તિને જાગૃત કરી પરિવારનું હૃદય બની, સમાજના મૂળ મજબૂત કરવાની સક્ષમતા દર્શાવી છે.

'કીર્તિઃ શ્રી વાક ચ નારણાં સ્મૃતિ મેધા ધૃતિઃ ક્ષમા'

1) કીર્તિઃ યશ, સદાચાર થકી માતા સંતાનના જીવનમાં ઉત્સાહ આપી શકે.

2) શ્રીઃ ધન-લક્ષ્મી ઘરમાં સારા-સાચા માર્ગે આવે એવો આગ્રહ રાખે.

3. વાક્ઃ શોભાયુક્ત વાણીથી ઘરમાં શાંતિ અને બોધપ્રદ સંવાદ કરે.

4) સ્મૃતિઃ યાદશક્તિ અને સંસ્કાર થકી સંસ્કૃતિને જીવંત રાખી, વારસાગત મૂલ્યો પેઢી દર પેઢી પહોંચાડે.

5) મેધાઃ તર્કબુદ્ધિ અને વિચારશક્તિથી સારું-નરસું સમજવાનું દઢ મનોબળ ધરાવે. સંયમિત અને સમજદાર સંતાન ઘડે.

6) ધૃતિઃ ધૈર્ય અને સહનશક્તિથી સમસ્યાઓ સામે લડી લેવાની ક્ષમતા કેળવી, સંબંધોના તાણાવાણાને સ્નેહથી સંભાળે.

7) ક્ષમાઃ માફી, દયા, રાખવાથી પરિવારમાં મનમેળ વધે. ભૂલોને ખંડિત કર્યા વિના સંબંધોને સાચવી શકાય. ક્ષમાભાવથી સમાજમાં ક્રોધ, દ્વેષ ઘટે.

''આ બધું ફક્ત મહિલાઓ માટે કેમ?'' આ પ્રશ્ન પૂછનારને જણાવવાનું કે માતા થકી આ સંસ્કારનું તેના દીકરા અને દીકરી બંનેમાં રોપણ અને જતન થઈ શકે છે. જે દરેક માતા સ્વેચ્છાથી કર્તવ્ય સમજી કરી શકવા સક્ષમ છે.